સીટીલાઇફ

રાજકોટની શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરીમાં આજથી બે દિવસ બોનસાઇ પ્રદર્શન

રાજકોટ,

સૌરાષ્ટ્ર બોનસાઇ કલબ દ્વારા છેલ્લા ૩ વર્ષથી બોનસાઇ વૃક્ષ પ્રદર્શન ગોઠવવામાં આવી રહ્યા છે. લોકોને બોનસાઇ વિષે માર્ગદર્શન મળી રહે તે હેતુથી તા. ૧૭ અને ૧૮ શનિ-રવિ બે દિવસીય બોનસાઇ વૃક્ષ પ્રદર્શન અહીંના ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્સ ખાતે યોજવામાં આવ્યુવછે. સવારે ૧૦ થી રાત્રીના ૮ સુધી આ બોનસાઇ પ્રદર્શન નિહાળી શકાશે.

સવારે ૧૦ વાગ્યે બોનસાઇન આર્ટના ગુજરાત શ્રેષ્ઠી પ્રેરણાસ્ત્રોત મહાગુરૂ એવા ઝીણાભાઇ પટેલ વલસાડના હસ્તે આ બોનસાઇ પ્રદર્શન ખુલ્લુ મુકાયું હતું . બોનસાન પ્રેમીઓએ લાભ લેવા અને વધુ માહિતી માટે મો.૯૯૭૯૩ ૪૨૯૮૬ ઉપર સંપર્ક કરવા ચેતનભાઇ સિંધવ અને મુઝમીલખાન પઠાણની યાદીમાં જણાવાયુ છે.

રાજકોટના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાના જન્મ દિવસે ગીરગંગા પરિવાર દ્વારા ચેકડેમનું ખાતમુહુર્ત

રાજકોટ,

રાજકોટના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળાના જન્મ દિવસ નિમિતે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ન્યુ ૧૫૦ ફુટ રીંગરોડ, મોટામવા ખાતે નવા ચેકડેમનું ખાતમુહુર્ત કરી વિશેષરૂપે ઉજવણી કરાઇ હતી.

રમેશભાઇ ટીલાળાના હસ્તે આ ખાતમુહુર્ત કરવામાં આવેલ તે પ્રસંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઇ સખીયા, જમનભાઇ રૈકોરા, પ્રતાપભાઇ પટેલ, રમેશભાઇ ઠક્કર, વિરાભાઇ હુંબલ, વસંતભાઇ લીંબાસીયા, ભરતભાઇ ટીલવા, ગોપાલભાઇ બાલધા, કૌશિકભાઇ સરધારા, અમિતભાઇ દેસાઇ, પ્રવિણભાઇ ભુવા, કિશોરભાઇ કાથરોટીયા, સંદીપભાઇ પટેલ, અલ્પેશભાઇ વેકરીયા, શૈલેષભાઇ વેકરીયા, શૈલેષભાઇ શેરસીયા, મિતલભાઇ ખેતાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ગીર સોમનાથ જીલ્લા રોજગારી કચેરી દ્વારા ભરતીમેળો યોજાશે

વેરાવળ,

ગીર સોમનાથ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૧૯ જાન્યુઆરીના રોજ સી.પી.ચોક્સી. કોલેજ વેરાવળ ખાતે રોજગારવાંચ્છુક ઉમેદવારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળામાં ૩૫ ગ્લોબલ સર્વિસ લી. અમદાવાદ, એસ.બી.આઈ. લાઈફ ઈન્શ્યોરન્સ વેરાવળ તેમજ પેટીએમ સર્વિસ પ્રા. લી. અમદાવાદ નોકરીદાતા ઉપસ્થિત રહેશે. જેમાં વિવિધ લાયકાત અને અલગ-અલગ જગ્યાઓ માટે ધો.૧૦, ધો.૧૨, ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ. અને ડિપ્લોમા (૧૮ વર્ષ થી ૪૦ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુક ઉમેદવારો માટે ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યંઈ છે.રોજગાર કચેરી દ્વારા વધુમાં વધુ યોગ્ય ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લે એ માટેનો અનુરોધ કરાયો છે.

રાજકોટ ગ્રામ્યમાં સામાન સાથે વાહનો બિનવારસી મૂકવા પર પ્રતિબંધ

રાજકોટ,

ગુજરાત રાજયમાં ભૂતકાળમાં આતંકવાદી સંગઠનો દ્વારા બોમ્બ વિસ્ફોટો કરવામાં આવેલા છે. જેને ધ્યાનમાં લઈને જનતાની સુરક્ષા માટે રાજકોટ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એન.કે.મુછાર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમીશ્નરેટની હકુમત સિવાયના ગ્રામ્ય વિસ્તારમાં જાહેર રસ્તા / રોડ, ફુટપાથ, શેરી / ગલી પર કોઈ વ્યક્તિની દેખરેખ સિવાય (નધણીયાત રીતે) ટીફીન બોક્સ અથવા અન્ય સામાન સાથે સાયકલ તથા ટુ-વહીલર, ફોર-વ્હીલર વાહનો બિનવારસી મુકવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જો કોઈ સામાન સાથેના વાહનો બિનવારસી હાલતમાં મળી આવશે તો તે પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકાશે. આ હુકમ તા. ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ આદેશનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતી મેળો યોજાશે

જુનાગઢ,

તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ જૂનાગઢ કેળવણી મંડળ સંચાલીત કોમર્સ અને બીબીએ કોલેજ, સરકારી આયુર્વેદીક હોસ્પીટલ પાસે, પંચેશ્વર ટાવર રોડ, જૂનાગઢ ખાતે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ભરતીમેળાનુ આયોજન જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા યોજવામાં આવનાર છે. જેમાં બેડીયા ટેકનોકાસ્ટ પ્રા.લી. રાજકોટ, જૂનાગઢ, જ્વેલરી પ્રા.લી., જૂનાગઢ, જોકી એક્ક્ષપ્લુસીવ સ્ટોર્સ, જૂનાગઢ તથા લીલા બિઝોટેલ, જૂનાગઢ વગેરે નોકરીદાતાઓ હાજર રહેવાના છે.

જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે આઇ.ટી.આઇ. ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૩૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઇન્ટરવ્યુ યોજાનાર છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એકેડેમિક કાઉન્સિલ બેઠકમાં ગરમા ગરમીના દ્રશ્યો

બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં બે સભ્યોને સમાવવા સામે ૬૩માંથી ૫૫ સભ્યોનો વિરોધ

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની બેઠક મળી હતી. કાઉન્સિલના ૬૩માંથી ૫૫ જેટલા સભ્યોએ ટેબલ આઇટમનો વિરોધ કરતા આખરે નિર્ણય પડતો મૂક્યો હતો.

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શુક્રવારે યોજાયેલી એકેડેમિક કાઉન્સિલ (એ.સી)ની બેઠક દરમિયાન ભારે ગરમાગરમી જોવા મળી. બેઠકમાં વિવિધ શૈક્ષણિક મુદ્દાઓ પર ચર્ચા થવાની હતી, પરંતુ અંતિમ ઘડીએ કુલપતિ તરફથી કરાયેલા એક મુદ્દાના પ્રસ્તાવને લઈને સભ્યોમાં અસંતોષ ફાટી નીકળ્યો હતો. બેઠકમાં અંદાજે ૫૮ જેટલા એજન્ડા રજૂ કરવામાં આવ્યા હતા. જોકે, છેલ્લી ક્ષણે રજૂ કરાયેલા મુદ્દાને લઈને કેટલાક સભ્યોએ સત્તાનો દુરુપયોગ થતો હોવાનો આક્ષેપ કરી વિરોધ નોંધાવ્યો હતો. પરિણામે બેઠકનું વાતાવરણ તંગ બન્યું હતું અને ચર્ચા ગરમાઈ ગઈ હતી.વિવાદનું મુખ્ય કારણ એ હતું કે એકેડેમિક કાઉન્સિલમાંથી બે સભ્યોને બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં સમાવેશ કરવા માટેની પ્રક્રિયા/એજન્ડા રજૂ કરવામાં આવ્યો હતો. સભ્યોનું કહેવું હતું કે આ પ્રકારનો નિર્ણય યોગ્ય ચર્ચા અને પૂર્વ તૈયારી વગર અંતિમ ક્ષણે લાવવામાં આવ્યો છે, જે શૈક્ષણિક લોકશાહી અને પારદર્શિતાના સિદ્ધાંતોને નુકસાન કરે છે. બેઠકમાં કેટલાક સભ્યોએ સ્પષ્ટ કહ્યું કે સભ્યોની પસંદગી જેવી મહત્વની બાબત અચાનક અને ઉતાવળમાં ન થવી જોઈએ. આ મુદ્દે સભ્યો વચ્ચે ઉગ્ર ચર્ચા થતાં બેઠકમાં તણાવ વધ્યો હતો. બેઠક દરમિયાન કેટલાક સભ્યોએ યુનિવર્સિટીના અગાઉના કેટલાક નિર્ણયોની પણ ચર્ચા ઉઠાવી હતી. ખાસ કરીને કેટલીક કોલેજોના એજન્ડા લાંબા સમયથી પેન્ડિંગ હોવાના મુદ્દે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

સભ્યોના જણાવ્યા મુજબ, કેટલીક બાબતોમાં વર્ષોથી નિર્ણય ન લેવાતા વિદ્યાર્થીઓને સીધી અસર થાય છે. તેમણે એવી પણ વાત રજૂ કરી કે અમુક ફાઈલો/મંજૂરીઓમાં ગેરરીતિ થતી હોવાની ફરિયાદો અગાઉથી સામે આવતી રહી છે, છતાં તેનો યોગ્ય ઉકેલ દેખાતો નથી. આ પરિસ્થિતિમાં ઇજ્ઞખ જેવી સંસ્થામાં સભ્યોની નિમણૂકને લઈને પારદર્શિતા રાખવી જરૂરી હોવાનું પણ સભ્યોએ ભારપૂર્વક જણાવ્યું હતું. એ.સી. બેઠકમાં સભ્યોએ અંતિમ ક્ષણે રજૂ કરાયેલા પ્રસ્તાવ સામે વાંધો વ્યક્ત કરતા કુલપતિ સાથે સીધી ટકરાવની સ્થિતિ સર્જાઈ હતી. કેટલાક સભ્યોનું માનવું હતું કે એ.સી. ની સત્તા અને પ્રક્રિયા મુજબ એજન્ડા અગાઉથી સ્પષ્ટ હોવો જોઈએ અને નિયમિત રીતે ચર્ચા થવી જોઈએ. ઉગ્ર ચર્ચા બાદ કેટલાક સભ્યોએ પોતાનો વિરોધ નોંધાવ્યો અને બેઠકમાં અસંતોષની લાગણી વ્યાપી ગઈ હતી. અંતે બેઠક તંગ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી. યુનિવર્સિટી વર્તુળોમાં આ ઘટનાને લઈને ચર્ચા જાગી હતી.

ડો.કથીરિયાના નેતૃત્વ હેઠળ ગૌટેક ટીમની મહાત્મા ફુલે કૃષિ વિદ્યાલયના કુલપતિ સાથે ચર્ચા-વિચારણા

રાજકોટ,

ગૌ આધારિત નવીનતા અને વૈજ્ઞાનિક અભિગમને રાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ગૌટેક ટીમે મહાત્મા ફુલે કૃષિ વિદ્યાપીઠ, રાહુરી (મહારાષ્ટ્ર) ના કુલપતિ પ્રો. ડો. વિલાસ ખારચે સાથે શિષ્ટાચાર મુલાકાત કરી હતી.મુલાકાત દરમ્યાન ગૌ ટેક - ૨૦૨૩ની સફળતા અંગે તેમજ આગામી ગૌ ટેક ૨૦૨૬ જે ૨૦ માર્ચથી ૨૩ માર્ચ, ૨૦૨૬ સુધી એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, પુના ખાતે યોજાવા જઇ રહ્યો છે. તે અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સમૃદ્ધ, શ્રેષ્ઠ, ભવ્ય અને દિવ્ય ભારતના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ્યથી આંતરરાષ્ટ્રીય સંસ્થા ગ્લોબલ કધફેડરેશન ઑફ કાઉ-બેઝડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આયોજિત ગૌ ટેક ૨૦૨૬ઐતિહાસિક અને વૈશ્વિક સ્તરની ગૌ આધારિત સમિટ અને પ્રદર્શની છે, ગૌ ટેક એ ગૌ આધારિત ઉદ્યોગો માટે ન માત્ર ભારતમાં પરંતુ સમગ્ર વિશ્વમાં સૌથી મોટું મંચ બની રહ્યું છે.આ કાર્યક્રમ એક ઐતિહાસિક પ્રયત્ન છે જેમાં સંસ્કૃતિ પરંપરા, ટેકનોલોજી અને નવીનતાનોઓનું મિશ્રણ જોવા મળશે. તે ઉપરાંત મુલાકાત દરમ્યાન ગૌ આધારિત ટેક્નોલોજી, સંશોધન, નવીનતા, કૃષિ-પશુપાલનનો સમન્વય તેમજ ગૌ આધારિત ઉત્પાદનોના વૈજ્ઞાનિક વિકાસ વિષયક વિસ્તૃત અને સકારાત્મક ચર્ચા કરવામાં આવી.ડો. વલ્લભભાઈ કથીરિયાએ ગૌ આધારિત અર્થવ્યવસ્થાને સંશોધન, ટેક્નોલોજી અને સ્ટાર્ટઅપ મોડલ સાથે જોડીને ગ્રામિણ સ્વાવલંબન અને આત્મનિર્ભર ભારતના વિઝન અંગે વિગતવાર માહિતી આપી હતી.આ મુલાકાત ગૌ-વિજ્ઞાન, કૃષિ નવીનતા અને ટકાઉ વિકાસ માટે એક મહત્વપૂર્ણ માઇલસ્ટોન સાબિત થશે. મુલાકાત દરમ્યાન જનરલ સેક્રેટરી અમિતાભ ભટ્ટનાગર, પુરીશ કુમાર, મનીષ ચતુર્વેદી, કૌસ્તુભ, અશ્વિની પાટીલ, મનીષ લુહાર, વિનાયક ગોરવલ્લે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા તા. ૧૯ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન એન્યુલ વર્કશોપ યોજાશે

ત્રિદિવસીય વાર્ષિક વર્કશોપમાં ૨૫ સેન્ટરોના વૈજ્ઞાનિકો સહભાગી બનશે

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી વિદ્યાશાખાના ફાર્મ મશીનરી અને પાવર વિભાગની "ઓલ ઇન્ડિયા કો- ઓર્ડીનેટેડ રિસર્ચ પ્રોજેક્ટ ઓન ફાર્મ ઈમ્પ્લીમેન્ટસ એન્ડ મશીનરી યોજના દ્વારા તા. ૧૯ થી ૨૧, જાન્યુઆરી – ૨૦૨૬ દરમ્યાન "૪૦ મા વાર્ષિક વર્કશોપ" નું આયોજન કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટિ ખાતે યોજાનાર છે. આ ત્રિદિવસીય વાર્ષિક વર્કશોપમાં "ફાર્મ ઈમ્પ્લીમેન્ટસ એન્ડ મશીનરી " યોજનાના સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાં આવેલા કુલ ૨૫ સેન્ટરોના વૈજ્ઞાનિકો ઉત્સાહપૂર્વક ભાગ લેશે. જેમાં કૃષિ ક્ષેત્રે નવા સંશોધનો દ્વારા વિકસાવેલ આધુનિક કાંતિકારી ખેતીના ઓજારો અને મશીનરી તેમજ તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડ્રોન અને રોબોટીક્સ જેવી આધુનિક ટેક્નોલોજીના કાર્યક્ષમ ઉપયોગના વિષય પર વિવિધ ટેકનીકલ સેશનોમાં ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

આ એન્યુલ વર્કશોપનો ઉદ્ઘાટન સમારોહ તા. ૧૯-૦૧-૨૦૨૬ સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડો. વી. પી. ચોવટિયા અને અધ્યક્ષ સ્થાન ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (એગ્રી. એન્જી.) ડો.એસ.એન. ઝાના અધ્યક્ષ સ્થાને યોજાશે. સહ-અધ્યક્ષ તરીકે સી.આઈ.એ.ઈ. ભોપાલના ડાયરેક્ટર ડો. સી.આર.મેહતા અને એડિશનલ ડાયરેક્ટર જનરલ (ફાર્મ એન્જી.) ડો.કે. પી. સિંઘ ઉપસ્થિત રહેશે. તેમજ આ વર્કશોપમાં ભાગ લેનારાઓનો ઉત્સાહ વધારવા માટે વિશેષ અતિથિ તરીકે પંજાબરાવ દેશમુખ કૃષિ વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડો. વી. એમ. મયાંદે અને પી.જે.ટી. અગ્રીકલ્ચરલ યુનીવર્સીટીના ભૂતપૂર્વ રિસર્ચ એન્જીનિયર ડો. ઓમ શર્મા ઉપસ્થિત રહેનાર છે.

અતિથિ વિશેષશ્રીઓ તરીકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામકશ્રી ડો. એ. જી. પાનસુરીયા, કુલસચિવશ્રી ડો. વાય. એચ. ઘેલાણી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો એન. બી. જાદવ, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ નિયામકશ્રી ડો. આર. એમ. સોલંકી, હિસાબ નિયામક શ્રી એસ. કે. જેઠાણી, આઈ. ટી. નિયામકશ્રી ડો. કે. સી. પટેલ, કાર્યપાલક ઇજનેરશ્રી પ્રો. ડી. એસ. થાનકી, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના ડીન અને કન્વીનરશ્રી ડો. એચ. ડી. રાંક, ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી તરીકે ફ્રેંસ યોજનાના પ્રોજેક્ટ કો- ઓર્ડીનેટર ડો. કે. એન. અગ્રવાલ અને ડો. પી. પી. ગઢ્ઢર તથા કો-ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડો. વી. એસ. વાળા વિગેરે ઉપસ્થિત રહેશે.

રાજકોટમાં અભયમ-પોલીસની સતર્કતાથી ૮ વર્ષના બાળકને સુરક્ષિત માતા–પિતાને સોંપાયુ

ભક્તિનગર વસાહતમાં સતત શોધખોળના અંતે પરિવારની ભાળ મેળવી

રાજકોટ,

રાજકોટમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ તથા ભક્તિ નગર પોલીસ સ્ટેશનની સહિયારી, ઝડપી અને માનવીય અભિગમયુક્ત પરિણામલક્ષી કામગીરી જોવા મળી છે. જેમાં ૮ વર્ષના ભૂલા પડી ગયેલા બાળકનું સુખદ મિલન તેના પરિવારજનો સાથે કરાવી આપી પ્રશાસન નાગરિકોની સુરક્ષા પ્રત્યે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહી હોવાની પ્રતીતિ કરાવી છે"

આ અંગે ૧૮૧ અભ્યમ ટીમના કાઉન્સેલર શ્રી બીનાબેન ગોહિલે માહિતી આપતા જણાવ્યું છે કે, આજ રોજ મહિલા હેલ્પલાઇન પર એક સજ્જન નાગરિકે આશરે ૮ વર્ષનુ બાળક એકલુ મળી આવ્યાનું જણાવ્યું હતું. ફોન પર આપવામાં આવેલી વિગત મુજબ અમારી ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી બાળકની સુરક્ષા કસ્ટડી લીધી હતી. બાળકને શાંતિ આપીને નાસ્તો કરાવવામાં આવ્યો અને વિશ્વાસમાં લઈ માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

બાળક દ્વારા આપેલા સરનામા પર તપાસ કરી છતાં વાલી–વારસ ન મળતા, મામલો ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ ને સોંપવામાં આવ્યો. ત્યારબાદ ૧૦૯૮ ટીમના યોગેશભાઈ અને મણવર પિયુષભાઈ સાથે સંયુક્ત રીતે તપાસ શરૂ કરવામાં આવી. શોધખોળ હાથ ધરી. અંતે અટિકા ફાટક વિસ્તારથી બાળકના ભાઈ સુધી પહોંચવામાં સફળતા મળી. ત્યારબાદ માતા–પિતાને બોલાવી આધારકાર્ડ દ્વારા ઓળખ ચકાસી અને બાળકને સહીસલામત તેમના વાલી–વારસને સોંપવામાં આવ્યું હતું. ૧૮૧ ટીમ તથા પોલીસ દ્વારા માતા–પિતાને સમજાવવામાં આવ્યું કે નાની ઉંમરના બાળકોને એકલા બહાર મોકલવું ગંભીર બેદરકારી છે, જે કાયદેસર રીતે પણ દંડનીય બની શકે છે. બાળકના માતા–પિતાએ પોતાની ભૂલ સ્વીકારી અને આગળથી ખાસ કાળજી રાખવાની ખાતરી આપી તેઓનો આભાર માન્યો હતો.

કોઈ પણ બાળક એકલું, ભટકતું કે સંકટમાં દેખાય તો તરત ૧૮૧ અથવા ૧૦૯૮ હેલ્પલાઈન પર જાણ કરવા તંત્ર દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે. એક કોલ થકી મદદ કરી કોઈ એક જીવ અને તેના પરિવારજનોને મદદરૂપ બની શકાય છે.

'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' ક્ષય રોગ અંગે જાગૃતિ ફેલાવવાનું માધ્યમ બની

૧૭૯ લોકોએ 'નિક્ષય મિત્ર' તરીકે નોંધણી કરાવીને દર્દીઓની સેવા કરવાનું બીડું ઝડપ્યું

રાજકોટ,

રાજકોટ ખાતે ગુજરાત સરકાર દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છના ઉદ્યોગોને વૈશ્વિક ફલક પર લઈ જવાના આશય સાથે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ : કચ્છ-સૌરાષ્ટ્ર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટ માત્ર ઉદ્યોગો અને રોકાણો પૂરતી મર્યાદિત ન રહેતા, સામાજિક ઉત્તરદાયિત્વના ક્ષેત્રે પણ અગ્રેસર રહી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 'વાઈબ્રન્ટ ગુજરાત એક્ઝિબિશન કમ ટ્રેડ શો'માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ટી.બી.મુક્ત ભારત'ના સંકલ્પને સાકાર કરવા અને ક્ષય અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુસર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી શ્રી ઘનશ્યામ મહેતાના માર્ગદર્શન મુજબ આયોજિત સ્ટોલમાં ક્ષયના દર્દીઓને આર્થિક અને સામાજિક ટેકો આપવાના ઉદેશથી કાર્યરત 'નિક્ષય પોષણ યોજના'નો લાભ લેવા અને 'નિક્ષય મિત્ર અભિયાન'માં જોડાવાની અપીલને લોકોએ ઝીલી લીધી હતી. પ્રદર્શનના પાંચ દિવસમાં ૦૮ હજારથી વધુ લોકોએ આ સ્ટોલની મુલાકાત લીધી હતી અને ૧૭૯ લોકોએ 'નિક્ષય મિત્ર' તરીકે નોંધણી કરાવીને દર્દીઓની સેવા કરવાનું બીડું ઝડપ્યું છે. ઉલ્લેખનીય છે કે, દર્દીને સારવાર દરમિયાન 'નિક્ષય પોષણ યોજના' અંતર્ગત દર મહિને રૂ. ૦૧ હજારની સહાય અને નિક્ષય મિત્રોના સહયોગથી પોષણ કીટ આપવામાં આવે છે.

આ પ્રદર્શનમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત સચિવ તથા રાજ્યના મુખ્ય ક્ષય અધિકારી શ્રી ડો. આર. બી. પટેલ અને તેમની ટીમે મુલાકાત લઈને ક્ષય નાબૂદી અર્થે જનભાગીદારી વધારવા પર ભાર મૂક્યો હતો. ટી.બી. ચેમ્પિયન્સે અંગત અનુભવો વહેંચીને, ક્ષયના દર્દીઓમાં આત્મવિશ્વાસ જગાડ્યો હતો. તેમજ સરકાર દ્વારા ટી.બી.ના દર્દીઓને અપાતી તમામ સારવાર અને નિદાન સેવાઓ નિઃશુલ્ક છે, તે બાબતથી લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતાં. જેથી, છેવાડાના માનવી સુધી આ યોજનાનો લાભ પહોંચી શકે.

આ સ્ટોલમાં ડિજિટલ નિદાન પદ્ધતિ અને હેન્ડ હેલ્ડ એક્સ-રે મશીનનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ટી.બી.ના સચોટ નિદાન માટે અત્યાધુનિક (કાર્ટીઝ બેઇઝ ન્યુક્લિક એસીડ એમ્પ્લીફિકેશન ટેસ્ટ) અને જેવી પદ્ધતિઓ વિશે મુલાકાતીઓને જાણકારી આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરના ડેલિગેટ્સે પણ દેશની આ ટેકનોલોજીને બિરદાવી હતી. તેમજ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં ક્ષય રોગ અંગે જાગૃતિ ફેલાવતી ૦૩ હજારથી વધુ પત્રિકાઓનું વિતરણ કરીને જનતાને ક્ષય નાબૂદી અભિયાનમાં સહભાગી થવા પ્રેરણા આપી હતી. આમ, 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ'ના માધ્યમથી પ્રસરેલી જનજાગૃતિ અને નિક્ષય મિત્રોનો સહયોગ આગામી સમયમાં ટી.બી. મુક્ત ગુજરાત અને ભારતની નેમ પૂરી કરવામાં મદદરૂપ થશે.

-આલેખન : માર્ગી મહેતા

ગીર સોમનાથ આર.ટી.ઓ દ્વારા 'નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૬' ની ઉજવણી

વાહન ચાલકોને ૨૦૦ જેટલા હેલ્મેટનું વિતરણ કરાયું

મિતેશ પરમાર, વેરાવળ,

ગીર સોમનાથ આર.ટી.ઓ દ્વારા 'નેશનલ રોડ સેફ્ટી મંથ-૨૦૨૬' ની ઉજવણી કરવામાં આવી હતી અને હેલ્મેટ તથા સીટબેલ્ટનું મહત્વ સમજાવીને આશરે ૨૦૦ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉજવણી અંતર્ગત આર.ટી.ઓ તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા વેરાવળ-જૂનાગઢ રોડના ડારી ટોલ પ્લાઝા ખાતે વાહન ચાલકોને સલામત પરિવહન અંતર્ગત અને રોડ અકસ્માત અટકાવાનાના હેતુસર રોડ સેફ્ટી અંગે માહિતી આપવામાં આવી હતી.

આ માહિતી અંતર્ગત વાહનચાલકોને ટ્રાફિકસિગ્નલ વિશે, રોંગસાઈડ ડ્રાઈવિંગ ન કરવા, રોડ સાઈનને અનુસારવા, હેલ્મેટ તથા સીટબેલ્ટનું મહત્વ સમજાવીને આશરે ૨૦૦ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત વાહનચાલકોને "રાહવીર યોજના"અંગે માહિતી આપી રાહવીર યોજનાનો પ્રચાર પ્રસાર કરતી માર્ગ સલામતીની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.હેલમેટ વિતરણ અને વાહનચાલકો અને રાહદારીઓને માર્ગ સલામતી વિશે માહિતગાર કરવામાં આર.ટી.ઓ. કચેરીના ઈન્સ્પેક્ટર પી.એન. માંગુકિયા, એન.જે.ગુજરાતી તથા શ્રી આર. ઈ.ચાવડા તેમજ ટ્રાફીક પો.સ.ઈ વી.એન.મોરવાડીયા તથા એન.એચ.એ.આઈ ડેપ્યુટી મેનેજર અતુલ કુમાર, સીનિયર એન્જિનિયર પ્રવાલ મિશ્રાનો સહયોગ રહ્યો હતો.